સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

સંગઠનની તાકાતમાં છૂપું પેટ્રોલ પડ્યું છે
ખદબદતા અસંતોષે, છૂપું પેટ્રોલ પડ્યું છે
પેટ્રોલ પડ્યું છે શાંત ને શીતળ ઘીના ઠામમાં -
પડે ના તણખો પક્ષમાં છૂપું પેટ્રોલ પડ્યું છે
(બંને પક્ષને લાગુ પડતું મુક્તક)

બેઠા છે બધા
દિવાસળી લઈને -
સાચવે સંપ...

ગોઠવાઈ છે
ચિતા પર એકતા
'દાહ' રાહમાં...

(સૌની સત્તા - પદની મહત્ત્વાકાંક્ષા)

હાઈકુ

ચિંતન

આચારા દાયુર્ષધંતે કીર્તિશ્ચ

ઉપરોક્ત શ્લોક 'ચાણક્યસૂત્ર'માંથી લેવામાં આવેલ છે.

આચરણથી આયુષ્ય અને કીર્તિમાં વૃદ્ધિ થાય છે.

સદાચારથી (સુ-આચરણથી) વ્યક્તિનું શરીર સ્વસ્થ રહે છે, શરીર સ્વસ્થ રહેવાથી આયુષ્ય વધે છે. ઉપરાંત સદાચાર વ્યક્તિનો યશ પણ ચોપાસ ફેલાય છે.

જીવનમાં એકમાત્ર સદાચારનો સદ્‌ગુણ હોય તો પણ જીવન સફળ થાય છે. આચરણથી માનસિક શાંત - પ્રસન્નતા રહે છે - શાંતિ અને પ્રસન્નાથી તન તંદુરસ્ત - મન મસ્તીમાં રહે છે તંદુરસ્ત - આરોગ્યવાન શરીર આયુષ્યમાન રહે છે. સાથે યશસ્વી પણ બને છે.

સુવિચાર

- વિજયના બાપ થનારા સેંકડો હોય છે, પણ પરાજય અનાથ છે - **થોમસ જેફરસન**
- દેવો જેને પરાજય આપવા માગે છે તેની બુદ્ધિ હરી લે - **મહાભારત**
- વિચારવાણીની શક્તિ ન આપે એવું ભણતર એ મહેનત માથે પડ્યા જેવું છે - **કન્ફ્યુશિયસ**
- જે છે તે દેખાય નહિ અને તેની તૃષ્ણા રહે તેનું નામ લોભ - **સંત રોબિત**
- સજા લંગડી છે, પણ લંગડાતી લંગડાતીયે એ આવે જ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જેનામાં હિંમત છે, તેનામાં શ્રદ્ધા છલોછલ ભરેલી હોય છે - **સિસેરો**
- આજનું ઔષધ : દહીમાં બેસન મેળવી વાળમાં મૂળમાં લગાવી બે કલાક પછી માથું ધોવાથી વાળ ખરતા મટે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ઈજિપ્તનો રાજા એલેકઝાન્ડર વેશ બદલી નગર ચર્ચામાં નીકળ્યા. એકલા ચાલતા ચાલતા દૂર દૂર પહોંચી ગયા. પાછા ફરવા માટે રસ્તામાં વર્દીમાં ઉભેલા હવાલદારને પૂછ્યું 'ભાઈ રાજાના બગીચા તરફ જતો રસ્તો જરા બતાવો...' 'હવાલદારે કહ્યું, 'હું અત્યારે ચોકી પહેરો કરું છું, હું રસ્તો બતાવવા નથી ઊભો.' રાજાએ ફરી નમ્રતાથી પૂછ્યું' જો તમે રાજયના સેવક હોવ તો તમને રસ્તો બતાવવામાં તકલીફ શું છે ? શું તું નાયક છે' હવાલદારે કહ્યું, 'મારો હોદ્દો એનાથી પણ ઊંચો છે અને તું શું કામ મને મારો હોદ્દો પૂછપૂછ કરે છે ?'

ત્યારે વેશપ્લેટો કરી નીકળેલા રાજાએ કહ્યું, 'ભાઈ હું પણ સરકારમાં ઊંચો હોદ્દો ધરાવું છું.' હવાલદારે પૂછ્યું શું તમે મોટા દરોગા છો ? રાજાએ કહ્યું, 'એનાથી પણ ઊંચો 'હવાલદારે પૂછ્યું' 'શું તમે કેપ્ટન છો' એનાથી પણ એક પગથિયું ઊંચો છું.' હવાલદારને સમજાવ્યું કે આ સામાન્ય દેખાતો વ્યક્તિ બીજી કોઈ નહીં પણ રાજા એલેકઝાન્ડર જ છે.'

હવાલદારના હોશ ઉડી ગયા. એણે રાજાની માફી માંગી. રાજાએ એને નિખાલસ થઈ માફી આપી અને કહ્યું, 'ભાઈ, તમારો હોદ્દો ગમે તે હોય પણ વ્યવહાર ખૂબ અહંકાર ભર્યો છે. જો નીચ પદથી પ્રગતિ કરી ઉચ્ચ સ્થાને પહોંચ્યું હોય તો પ્રથમ માનવતા દાખવો, સહનશીલ તથા વિનમ્ર બનો, અહંકાર ત્યજી દો, અને પ્રજાના સાચા સેવક બનો.' હવાલદારે રાજાની કાન પકડી માફી માંગી અને સુધરી જવાની ખાતરી આપી.

લાલુ યાદવનો જેલવાસ કોને ફળશે

તંત્રીસ્થાનેથી...

એક પછી એક ચુકાદા બહાર પડતા જાય છે તેમ બહુચર્ચિત ચારા કૌભાંડના આરોપી અને ભારતીય રાજકારણના પ્રતીકપુરુષ લાલુપ્રસાદ યાદવના જેલવાસનાં વર્ષોમાં ઉમેરો થતો જાય છે. હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટ એમને રાહત આપશે કે કેમ તે પ્રશ્ન છે. કયારેક બિહારના રાજકારણમાં જયપ્રકાશ નારાયણ જેવા અણિશુદ્ધ રાષ્ટ્રનાયકની આંગળી પકડીને પ્રવેશેલા આ 'ગરીબોના અને કચડાયેલા લોકોના મસીહા' સીબીઆઈ કોર્ટના ચુકાદાઓ અનુસાર મસમોટી કૌભાંડી સાબિત થયા છે. જુદી જુદી તિજોરીઓમાંથી ઘાસચારાના નામે ઉપાડેલી કરોડોની રકમ ચાઉં કરી જનાર આ નેતાને નરેન્દ્ર મોદીની દુશ્મનાવટ મોંઘી પડી ગઈ છે, એ પણ સાચું. જો બીજા પ્રાદેશિક આગેવાનોની જેમ તેઓએ પોતાની પાર્ટીને એનડીએમાં સામેલ કરી દીધી હોયો આ સીબીઆઈ નામનો ડાઘિયો ચૂપ થઈને બેસી ગયો હોત પણ લાલુ પ્રસાદ સામેના તમામ કેસ ઠંડા બસ્તામાં અભેરાઈએ ચડી ગયા હોત. કદાચ તપાસના તારણમાં જ એમને કલીનચીટ અપાઈ ગઈ હોત. પણ લાલુ પ્રસાદ જરા વધુ પડતા 'બોલ્ડ' નેતા છે. એમને પોતાનું સ્ટેન્ડ ન બદલ્યું. સીબીઆઈ કરતાં એમને બિહારની પ્રજા વધુ શક્તિશાળી લાગી. પ્રજામાં એમની લોકપ્રિયતા વિશે બે મત છે જ નહીં. શત્રુઘ્ન સિન્હા જેવા ભાજપની ટિકિટ પર ચૂંટાયેલા સાંસદ લાલુ પ્રસાદની આ લોકપ્રિયતાના જ આશિક છે અને એથીસ્તો પાર્ટીની વિરુદ્ધ જઈ લાલુ પ્રસાદ યાદવને સામે ચાલીને મળે છે, એમની પ્રશંસા કરે છે. જો કે એથી લાલુનાં કુકર્મો ધોવાઈ જતાં નથી. જો લાલુ યાદવે ઘાસ ચારા કૌભાંડ ન આચર્યું હોત તો એમને મુખ્યમંત્રી પદ છોડીને વર્ષો પૂર્વે જેલમાં ન જવું પડ્યું હોત. એમનું વર્ચસ્વ અકબંધ રાખવા ત્યારે એમણે ધર્મપત્ની રાબડી દેવીને પ્રોક્સી મુખ્યમંત્રી બનાવી દીધાં હતાં. લાલુ યાદવે પરિવારની દરેક વ્યક્તિને રાજકારણમાં પલોટી છે. પુત્રી મિસા ભારતી અને પુત્રો તેજસ્વી તથા તેજ પ્રતાપ - આ ત્રણેય એમના રાજકીય વક્કર ટકાવી રાખવા મથી રહ્યાં છે. લાલુને 'બડે ભાઈ' કહી એમના ટેકાથી બિહારમાં ગાદી મેળવનાર નીતીશકુમાર લાગ જોઈને મોદીના ખોળામાં બેસી ગયા છે પણ બિહારમાં લાલુપ્રસાદ તરફ જે સહાનુભૂતિનું મોજું ઊભું થયું છે તેનો પરચો તો હમણાં જ થયેલી પેટા ચૂંટણીઓણાં લાલુની પાર્ટી રાજદને મળેલી સફળતામાં પડઘાયો જ છે. લાલુ જેલમાં રહીને કદાચ વધુ મોટા નેતા બની જશે પરંતુ એમનું 'મહાગઠબંધન'નું સપનું તેઓ ભાગ્યે જ સિદ્ધ કરી શકશે. રાહુલ ગાંધી શરૂથી જ લાલુ યાદવથી સલામત છેટું જાળવતા રહ્યા છે. વળી જેલમાંથી મોદી વિરુદ્ધ ઝુંબેશ ચલાવવાનું કામ પણ અઘરું છે. છતાં જેમ પેલી કહેવતમાં કહ્યું છે એમ જીવતો હાથી લાખનો અને મૂએલો સવા લાખનો, એ મુજબ લાલુ જેલમાં બેઠાં બેઠાં જે બખાળા કરશે એ વિપક્ષને વધુ મજબૂત બનાવી શકે છે. શત્રુઘ્ન સિન્હા જેવા ભાજપી નેતા પણ જાહેરમાં કહેતા થયા છે કે લાલુ સામેની સીબીઆઈ કાર્યવાહી એ કેન્દ્ર સરકારની કિન્નાખોરીનો નાદર નમૂનો છે.

દહેજ પીડિતની આડમાં સાસરીયાને થતી હેરાનગતિ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

મહિલાઓ ઉપરના અત્યાચારને અંકુશમાં લેવા માટે સરકાર દ્વારા મહિલા સુરક્ષની બાબતમાં નિત નવા કાયદા બનાવવામાં આવે છે પરંતુ આ કાનૂનનો દુરઉપયોગ પણ એટલો જ મહિલાઓ દ્વારા સાસરી પક્ષને હેરાનગતિ કરવામાં ખોટા કેસોમાં ફસાવી નાક દબાવી મોં ખોલવાના મિથ્યા પ્રયત્નરૂપ કરવામાં આવે છે. કાયદાનો ઢાલ તરીકે ઉપયોગ કરવા બનાવેલ છે જેનો મહિલા દ્વારા શસ્ત્ર તરીકે જ ઉપયોગ કરવામાં આવે છે. ૧૦૦ ટકા સાચા કેસો બનતા જ નથી માત્ર ઉપજાવી કાઢેલ હક્કિત આધીન સ્ટીરીયો ટાઈપ સ્ટોરીથી કાયદાની કલમમાં સાસરી પક્ષને ફીટ કરવાનું કાર્ય પોલીસ તથા ફરીયાદ પક્ષ દ્વારા વકિલોની હોંશીયારીથી સહાયથી બેરોકટોક ચાલી આવે છે.

દહેજ મામલામાં ૧૩૧ એફઆઈઆર ૨૦૧૦ માં થયેલ. ૨૦૧૭ માં ૨૬૧ બનાવોમાંથી ૧૦૪ ન્યાયાલયમાં મોકલેલ બાકીના જુઠા પુરવાર થયેલ જેના ઉપર એફઆઈઆર કરવામાં આવેલ ૨૦૧૬માં ૩૧૨ કેસ દાખલ કરવામાં આવેલ જેમાં ૧૨૧ માં ચાર્જશીટ મુકેલ જયારે ૫૮ મામલામાં તપાસ બાકી દર્શાવી છે.

દહેજ પીડીતાની આડમાં પતિ તથા સાસુ, સસરા, નણંદ, દિયર, જેઠ, જેઠાણી કુટુંબના તમામ સભ્યોને વિનાકારણ ફીટ કરી ધાર્યું કરવામાં સફળતા મેળવવા પોતાના પક્ષે સહાનુભૂતિ મેળવી નામદાર કોર્ટમાં બીચારી અબળા પુરવાર કરી મોં માંગી રકમ લઈ છુટા થવાના કિસ્સા સમાજમાં સામે આવે છે જે કુટુંબ પ્રથા તથા લગ્ન પ્રથા ઉપર લાલબત્તી સમાન છે.

નવી જનરેશન આ બાબતે કોર્ટના ઘરમ ધક્કા તથા નાણા, સમય ગુમાવવા માંગતા ના હોય લીવ એન્ડ રીલેશનમાં રહેવાની કુપ્રથા અપનાવતા લગ્ન સંસ્થા જ પડી ભાગશે.

ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૨, ૧૯૩ તથા ૨૧૧ માં જુઠા કેસ કરવા વાળા ઉપર કાર્યવાહીની જોગવાઈઓ છે પરંતુ જાન બચી લાખો પાયેના ન્યાયે ખોટી ફરીયાદ સાબીત થવા છતાં આરોપી પક્ષં ફરીયાદી ઉપર પગલા ભરતા અચકાય છે જેનો ગેરલાભ ફરીયાદી પક્ષ રહે છે લાંબી ન્યાઈક પ્રક્રિયામાં પુનઃ ના સામેલ થવું પડે તે માટે આરોપીઓને નિર્દોષ છુટયા બાદ તથા ખોટી ફરીયાદ સાબીત થવા છતાં કાયદાકિય પગલા ભરતા અચકાય છે જેનાથી ખોટી ફરીયાદો કરવાવાળાની હિંમત ખૂલે છે. માત્ર ૨ થી ૩ ટકા દહેજ પીડિતના મામલામાં કોર્ટ સજા ફરમાવી હશે તેમ છતાં થકવી નાંખતી લાંબી ન્યાઈક પ્રક્રિયામાંથી છૂટયા બાદ પુનઃ આ કાયદાકિય આંટીઘૂંટીમાં પડવાનું પીડીતો ઉચીત માનતા નથી જેનો ગેરલાભ ફરીયાદ પક્ષ નિર્ભય રીતે લેતો રહે છે. કેટલાક કેસો તો આપસમાં ઝઘડામાં ખોટા કરવાનું સાબીત થયાનું પોલીસ તપાસમાં બહાર આવવા છતાં પીડિત પક્ષ ખોટી ફરીયાદ કરવાવાળા સામે પગલા ભરતા નથી.

ખોટી ફરીયાદ કરવીએ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૨, ૧૯૩ તથા ૨૧૧ મુજબ ગુન્હો છે.

કાયદાનો ઢાલ તરીકે ઉપયોગ કરવા બનાવેલ છે જેનો મહિલા દ્વારા શસ્ત્ર તરીકે જ ઉપયોગ કરવામાં આવે છે.

માત્ર ભરણપોષણ મેળવવા ના કેસ માટે કાયદાના નિષ્ણાંતોનો સંપર્ક કરતા આખી પ્રક્રિયાનો પ્રારંભ થાય છે જેમાં માત્ર ક્રિ.પ્રો. કોડની કલમ ૧૨૫ મુજબ માત્ર ભરણપોષણનો કેસ જ બનતો હોવા છતાં કલમ ૪૯૮ થી લઈ ડોમેસ્ટ્રીક વાયોલન્સ તથા હિન્દુમેરેજ એકટની કલમો મુજબ લગ્નજીવન ભોગવવાના કેસો કે જે કાયદામાં મળનાર તમામ લાભ ફરીયાદી લઈ સાસરીયા પક્ષને હેરાન પરેશાન કરવામાં કોઈ જ બાકી રાખતા નથી ઘણા કેસોમાં તો પતિ પત્ની અલગ રહેતા હોય તો પણ તેમના કેસમાં સાસુ, સસરા, જેઠ, જેઠાણી, દિયર, નણંદને ઠસડી ધાર્યું નિશાન પાર પાડવામાં લાગી જાય છે. વગર વાંકે પાડાનાના વાંકે પખાલીને ડામના ન્યાયે સાસરી પક્ષના નિર્દોષ લોકો દંડાય છે. આવા ખોટા કેસોમાં સાચી રીતે પીડિત બનેલ, ભોગ બનેલ મહિલા અત્યાચારનો ખરેખર સામનો કરેલ હોવા છતાં પુરાવાના અભાવે ન્યાય મેળવવામાં વંચિત રહી જાય છે તેવા લોકોને શોષવું પડે છે.

પારિવારીક ઝઘડા નિપટાવવા તથા કેસોનો ઝડપી નિકાલ થાય ખરેખર પીડિતાને ઝડપી ન્યાય મળે તેવા ઉમદા હેતુથી જ પારિવારીક કોર્ટોની રચના કરી અલગ ફેમીલી જજ નિયુક્ત કરી આવા પારિવારીક ઝઘડા તથા કેસોના સુખદ નિકાલ

અનુસંધાન પાના નં. ૭ પર

આપણી વેસ્ટ વસ્તુ કોઈના માટે બેસ્ટ થઈ શકે

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

ભગવાનનું ઘર મંદિર, મસ્જિદ,ચર્ચ કે ગુરુદ્વારાની ઊંચી ઈમારતો નથી, પરંતુ એ નરનારીઓનાં હૃદય છે. જેમનામાં દયા, પ્રેમ, કરુણા તથા લોકકલ્યાણની તડપ છે.

આજકાલ એકબાજુ બોર્ડની પરીક્ષાનું ટેન્શન તો સોશિયલ મીડિયા પર પ્રાઈવસીને લઈને ચાલી રહેલી બબાલ એવા કેટલાય નેગેટીવ અને Stressful Viber બધી બાજુથી આવી રહ્યા છે. જે રીતે યોગા આપણી પાસેથી વિદેશમાં પહોંચ્યું અને ત્યારબાદ તેમણે આપણને આપણા જ ભવ્ય વારસાની આપણને પ્રતીતિ કરાવી પછી આપણે યોગા પ્રત્યે વધુ જાગૃત બની સભાનપણે તેને સમજવા લાગ્યા તે જ રીતે હવે સોશિયલ મીડિયાને વધુ ને વધુ drawbacks આપણી સામે આવી રહ્યા છે. ખૂબ જ નજીકના સમયમાં Social netwerking sites પર થઈ રહેલા કૌભાંડ અંગે લોકો જાગૃત થવા લાગશે અને શાળાઓમાં આ બાબતના ફાયદા-નુકશાન સમજાવતા Lessons નો પણ સમાવેશ કરવામાં આવશે. વિદેશોમાં છૂટાછેડા લેવા, ન્યુક્યિઅર ફેલીમીમાં રહેવું, લિવ-ઈન રિલેશનશિપ્સ આ બધું જેટલું સામાન્ય છે તેટલું જ આપણે ત્યાં પણ એ સામાન્ય બની રહ્યું છે. જે આપણી સામાજિક અને કૌટુંબિક વ્યવસ્થા પર આકરા પ્રહાર સમું બની રહેશે.લગ્નેત્તર સંબંધો, ઓનલાઈન ડેટીંગ અને ફલર્ટીંગ એ ખૂબ સામાન્ય બાબત બની ગઈ હોય તેવું જણાય છે. જો કે, આજે પણ આપણે ત્યાં આ તમામ બાબતો સમાજના ડરથી છુપાઈ છુપાઈને કરવામાં આવી રહી છે. પણ હા, આપણી સંસ્કૃતિમાં આ દૂષણ ધીમે પગલે ખૂબ જ વાયુવેગે આગળ વધી રહ્યું છે જે અત્યંત ભયજનક બાબત ચોક્કસપણે ગણી શકાય.

સમાજમાં જયારે દૂષણ અને છેતરપીંડી તેમજ ગુનાખોરીનું પ્રમાણ વધવા લાગે ત્યારે આ જ સમાજમાં કેટલાક એવા પરિબળો પણ મોજૂદ હોય છે કે જે આજે પણ વિશ્વાસ, સહાનુભૂતિ અને અનુકંપા જેવા મૂલ્યોને પોતાની રીતે પ્રસરાવતા જ રહે છે. ગાંધીનગરમાં તેમજ અન્ય કેટલાક શહેરોમાં પણ વધારાનો સામાન અથવા કપડા મૂકી જવા અને જેને જરૂર હોય તેણે ત્યાંથી લઈ જવા એ પ્રકારની વ્યવસ્થા આપણી આસપાસ આપમે જોઈ જ છે. આજકાલ લોકોની જીવનશૈલી પહેલાં કરતાં ઘણી

બદલાઈ ગઈ છે અને માટે પહેલા આવનારી પેઢીઓ માટે અતિશય સંગ્રહ કરનારો વર્ગ પોતાની જાત પાછળ અને 'આજ' માટે જ જીવતો બન્યો છે. આવા સમયમાં જૂના કપડાં કોઈ જરૂરિયાતમંદને આપી દેવાનો Concept ખરેખર ફાયદાકારક નીવડે છે.

ભાવનગરમાં રહીને 'No horn' મૂવમેન્ટને વ્યાપકપણે ફેલાવનારા ડૉ. તેજસ દોશીને એકવાર વિચાર આવ્યો કે લખવા માટે વાપરવામાં આવતી પેન, પેન્સિલ, આજકાલ ફરીથી ઉપયોગમાં કોઈ લેતું નથી તો શા માટે એવી આ સ્ટેશનરીસને જરૂરિયાતમંદ લોકોમાં ન વહેંચવી ? આ પ્રકારે જરૂરિયાતમંદ બાળકોને જોઈતી સ્ટેશનરી મળી રહેશે અને પર્યાવરણ માટે નુકશાનકર્તા એવું પ્લાસ્ટિક પણ ઓછું recycle કરવું પડશે. વેકેશન શરૂ થતાં જ દરેક ઘરોમાં નોટ-ચોપડીઓ પસ્તીમાં અને જૂની સ્ટેશનરીસ્ જેમ કે પેન, પેન્સિલ, રબર, સંચો, ફૂટપટ્ટી વગેરે ડસ્ટબીનમાં જ જતા હોય છે. ત્યારે નવા વર્ષ માટે ઘરોમાં નવી સ્ટેશનરી આવે છે ત્યારે જો આપણા બાળકોને આ પ્રવૃત્તિમાં involve કરીને આપમે તેમનામાં અન્યને મદદ કરવાની વૃત્તિ કેળવી શકીએ તેમજ ઈશ્વરને તેમને બક્ષેલી વધુ સુખ-સગવડો પ્રત્યે પણ તેમને જાગૃત બનાવી શકાય. બાળકના મનમાં પોતાની પાસે શું નથી એને બદલે લોકો પાસે કેટકેટલું નથી અને પોતે કેટલું નસીબદાર છે કે તેની પાસે ભણવા માટેનું કેટલું સુગમ વાતાવરણ છે તે સમજાવી શકાય.

'જગતના ઈતિહાસમાં રેખાદર્શન' નામના એક પુસ્તકમાં જવાહરલાલ નહેરુએ ખૂબ સુંદર વાત લખી છે કે : 'સંસ્કૃતિ એટલ શું માણસો અને પશુઓ વચ્ચે જયારે નહીં જેવો ફેર હોય છે તે સ્થિતિને બર્બર અવસ્થા કહેવામાં આવે છે. સંસ્કૃતિ એથી ઊલ્ટી અવસ્થા છે. પણ કોઈ એક માણસ કે સમાજ જંગલી છે કે સુસંસ્કૃત છે તે કેવી રીતે પારખી શકાય? સુંદર મકાનો, સુંદર ચિત્રો ને સુંદર ગ્રંથો અને જે કાંઈ સૌંદર્યવાળી માનવકૃતિઓ છે, તે બધા સંસ્કૃતિનાં દ્યોતક છે. પરંતુ બીજાના ભલા માટે લોકોની સાથે મળીને કાર્ય કરનારો સજ્જન એ બધાં કરતાંયે સંસ્કૃતિને વધારે શોભાવે છે. મેટરલિંકનાં 'માખીનું જીવન', 'ઉંધઈનું જીવન', અને 'કીડીનું જીવન' વગેરે પુસ્તકો છે. આ જંતુઓને આપણે તુચ્છ ગણી કાઢીએ છીએ. પરંતુ સમૂહના હિત ખાતર સહકાર અને બલિદાનની કળા આ જંતુઓ મનુષ્ય કરતાં સારી રીતે શીખ્યાં છે.' વિશાળ હિતને ખાતર બલિદાન આપવાનો અને સહાનુવૃત્તિ થઈ જીવવાનો જ આ બોધ છે.'

તો આવો, ડૉ તેજસ દોશી, મેહુલ ગાંધી તેમજ પૂર્ણા લોટીયા તથા તેમની ટીમ કોઈ પણ જાતની વપરાયેલી, સામાન્ય બગડેલી, પેન, પેન્સિલ, રબ્બર, સંચો અને ફૂટપટ્ટીને જે રીતે સામાન્ય રીપેરીંગ કે રીફીલ નાખી જરૂરિયાતમંદ બાળકોને પહોંચાડે છે તેમાં આપણે સૌ પણ મોટી માત્રામાં સહભાગી બનીએ.

આપણી આપેલી આ વેસ્ટ વસ્તુ કોઈના માટે બેસ્ટ બની રહેશે અને તે બાળકો આખું વર્ષ આ વસ્તુઓ રાજી થઈને વાપરશે.

Last Seen :

ઈશ્વર દેખાતો નથી તો વિશ્વાસ કેમ કરવો ?

પ્રભુ તો વાઈફાઈ જેવો છે દેખાય નહીં પરંતુ સાચો પાસવર્ડ નાખો તો કનેક્ટ થઈ જાય.

- nehalgadhavi101@gmail.com

ગુજરાત વિધાનસભામાં સંસદીય પરંપરાનું ખુલ્લેઆમ ચીરહરણ

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

એવું નથી કે ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં ધાંધલ-ધમાલનાં દૃશ્યો અગાઉ સર્જાયાં નહોતાં, પરંતુ સત્તાપક્ષ અને વિપક્ષના ધારાસભ્યો વચ્ચે ગાળાગાળી અને મારામારીનાં દૃશ્યો તો આ બજેટસત્રમાં જ જોવા મળ્યાં. એને શરમજનક જ લેખવાં પડે. અઢી લાખ મતદારોના પ્રતિનિધિ તરીકે વિધાનસભામાં ચૂંટાઈ આવનારા સભ્યોની ગરિમા અને સંસ્કાર જળવાય એ અપેક્ષિત છે. કમનસીબે વર્તમાન ધારાસભામાં નવલોહિયા ધારાસભ્યોને વારી શકે એવા વડીલોની ભૂમિકા ઊણી ઉતરે છે. વિધાનસભાના અધ્યક્ષપદે રાજેન્દ્ર ત્રિવેદી જેવા યુવા ધારાશાસ્ત્રી ચૂંટાયા છે, પરંતુ એમના થકી વિધાનસભા શરૂ થયાના બે સપ્તાહમાં જ તોફાની

- **ગૃહમાં મારામારી માટે વિપક્ષી ધારાસભ્યોને જ ત્રણ વર્ષ માટે સસ્પેન્ડ કરાયા એ ધરાર નિયમની વિરુદ્ધ**
- **કૉંગ્રેસી ધારાસભ્ય અમરીશ ડેરને પાડીને ગડદાપાટું કર્યાની ખાનગીમાં શેખી મારતા ભાજપના ધારાસભ્યો**
- **સુરેશ મહેતા કહે છે, સભ્યોને ૩ વર્ષ સસ્પેન્ડ કરવાની દરખાસ્ત મૂકાય તો પણ અધ્યક્ષે એને ફગાવવી ઘટે**
- **સ્પીકર વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત ચર્ચા માટે હાથ ધરાય ત્યારે અધ્યક્ષે સામે ગૃહમાં બેસવું પડતું હોય છે**

બારકસ જેવા નિશાળિયાઓના પ્રભાવી મૉનિટર થવામાં સફળતા મેળવી શકાઈ નથી. વિધાનસભાના નિયમો મુજબ ગૃહ ચાલે, પણ અધ્યક્ષ એમના સભ્યો ભણી તટસ્થભાવે અને હળવાફૂલ રહીને ગૃહ ચલાવવાને બદલે નિયમ બતાવી જેલ ભેગા કરવાની ચીમકીથી લઈને ત્રણ-ત્રણ વર્ષ માટે તેમને સસ્પેન્ડ કરવા સુધીનું ફરમાવે ત્યારે કશુંક અજુગતું થઈ રહ્યાનું જરૂર લાગે. સામાન્ય રીતે ગૃહની અને અધ્યક્ષની ગૃહના નેતા એટલેકે મુખ્ય મંત્રી અને વિપક્ષના નેતા સ્વીકારતા હોય છે,પણ મામલો એટલી હદ સુધી બિચક્યો કે સર્વાનુમતે અધ્યક્ષ વરાયેલા વડોદરાના ધારાસભ્ય ત્રિવેદી સામે વિપક્ષે રજૂ કરેલી અવિશ્વાસની દરખાસ્ત આ લખાય છે ત્યાં લગી તો પાછી ખેંચાઈ નથી.હવે એ ચર્ચામાં આવે એ પૂર્વે પાછી ના ખેંચાય તો ગુજરાતના ઈતિહાસમાં પહેલી વખત અધ્યક્ષ સામાન્ય સભ્ય તરીકે ગૃહમાં આરોપનામું સંભાળવા માટે સામેની પાટલીએ બેસશે અને કૉંગ્રેસના સભ્યો તેમની પર ટીકાનાં બાણ છોડશે અને સત્તાપક્ષ એમને બિરદાવશે. એ દ્રશ્ય પણ વરવું હશે.ગૃહમાં બેસતા વરિષ્ઠ સભ્યોનાં મસ્તક ખરેખર આવાં દ્રશ્યો નિહાળીને શરમથી ઝૂકી જવાં જોઈએ.

નાયબ મુખ્ય મંત્રી નીતિન પટેલ આ વખતે જરા વધુ પડતા ઉત્સાહમાં આવીને કૉંગ્રેસનો વારો કાઢી લેવાના મૂડમાં છે.વરિષ્ઠ સભ્ય અને પરિપક્વ નેતા હોવા છતાં કૉંગ્રેસના પ્રતાપ દૂધાત અને અમરીશ ડેરને ત્રણ-ત્રણ વર્ષ માટે અને બળદેવજી ઠાકોરને એક વર્ષ માટે ગૃહમાંથી જ નહીં, વિધાનસભા પરિસરમાંથી પણ સસ્પેન્ડ કરવાની દરખાસ્ત એ રજૂ કરીને દેશમાં ઈતિહાસ સર્જવાની ઉતાવળમાં જણાય છે.આ તબક્કે તટસ્થભાવે અધ્યક્ષે એમનું નિયમાવલિ ભણી ધ્યાન ખેંચીને વારવાની જરૂર હતી,પણ બધાએ જ જાણે આક્રોશમાં આવીને બહુમતિએ એ દરખાસ્તને પસાર કરીને ઈડરિયો ગઢ જીત્યાનો હરખ કર્યો. આવા ઘટનાક્રમથી સંસદીય પ્રણાલીને લુણો લાગતો હોવાનું જરૂર વર્તાય છે.ઓછામાં પૂરું અમારી સાથે ટીવી ડિબેટમાં સહભાગી ડૉ.નિમાબહેન આચાર્ય તો એટલાં ઉત્સાહમાં આવી ગયાં કે બંને તોફાની કૉંગ્રેસી ધારાસભ્યોની સામે એફઆઈઆર દાખલ કરવાનું અને પોલીસને તપાસ સોંપવાનું કહી બેઠાં.બહેન કૉંગ્રેસમાંથી ભાજપમાં આવેલાં વરિષ્ઠ ધારાસભ્ય છે એટલે અમે એમને ધારાગૃહમાં પોલીસ કે અદાલતી કાર્યવાહી સામે વિશેષાધિકાર હોવાનું સ્મરણ કરાવ્યું.ગૃહમાં તોફાન મચાવનારા કે મારામારી કરનારા બંને પક્ષના સભ્યોને ઠપકો અપાય કે નિયમાવલિ મુજબ "ગૃહના સત્રની સમાપ્તિ સુધી" સસ્પેન્ડ કરી શકાય.કૉંગ્રેસના અમરીશ ડેરને નીચે પાડી દઈને ગડદાપાટું કર્યાની ખાનગીમાં શેખી મારતા ભાજપી ધારાસભ્યોને ખ્યાલ છે કે જો ગૃહની તે ઘટનાની સંપૂર્ણ કાર્યવાહીના ફૂટેઝ રજૂ થાય તો નીચાજોણું થાય. બીજાં રાજ્યોના નિયમો ગુજરાત વિધાનસભાને લાગુ ના પડે,પણ જ્યાં ધાર્યું જ કરવું હોય ત્યાં તર્ક ચાલતો નથી.

આ બધું એવા વખતે થયું જ્યારે રાજ્યસભાની ચાર બેઠકો માટેની ચૂંટણી યોજવાની પ્રક્રિયા ચાલુ હતી. ભાજપના ચાર રાજ્યસભા સાંસદ નિવૃત્ત થતાં ભાજપ અને કૉંગ્રેસ બેઉના બબ્બે સાંસદો ચૂંટાય એવા સંજોગો હતા. ગૃહ ૧૮૨ સભ્યોનું છે. ભાજપ કને માત્ર ૧૦૦નું સંખ્યાબળ છે, જ્યારે કૉંગ્રેસ પાસે ૮૧નું સંખ્યાબળ છે. એક સાંસદ ચૂંટવા માટે ૩૭ મત જોઈએ. પહેલાં તો ભાજપના બે કેન્દ્રીય રાજ્યપ્રધાન પરસોત્તમ રૂપાલા અને મનસુખ માંડવિયાને સત્તાવાર ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા અને પછી ભાજપ થકી કિરીટસિંહ રાણાને ફોર્મ ભરાવાયું. કૉંગ્રેસના બે સત્તાવાર ઉમેદવાર તરીકે ડૉ. અમીબહેન યાજ્ઞિક અને નારણ રાઠવાને જાહેર કરાયા, પણ રાઠવાના ફોર્મને રદ કરાવીને ત્રણ ભાજપી સભ્યોને ચૂંટવાના વ્યૂહને, કૉંગ્રેસે પી. કે. વાલેરાને અપક્ષ ફોર્મ ભરાવીને, ઊંધો વાળ્યો. આખરે ખાસ્સી હૂંસાતૂંસ પછી રાણા અને વાલેરા બેઉનાં ફોર્મ પાછાં ખેંચાતાં ભાજપના બે અને કૉંગ્રેસના બે ઉમેદવાર ચૂંટાયેલા જાહેર થયા. મતદાન કરવું પડ્યું નહીં, અન્યથા પેલા સસ્પેન્ડ ધારાસભ્યોના મતદાનનો પ્રશ્ન જરૂર ઊભો થાત. કારણ વિધાનસભા ભવનમાં જ રાજ્યસભાની ચૂંટણી માટેનું મતદાન યોજાતું હોવાથી અધ્યક્ષ ત્રિવેદીએ આપેલા ચુકાદા મુજબ, સસ્પેન્ડ થયેલા ધારાસભ્યો મતદાન કરી શકત નહીં.કૉંગ્રેસનો તો એવો આક્ષેપ હતો કે વિધાનસભામાંથી ૨૫ જેટલા કૉંગ્રેસી ધારાસભ્યોને સસ્પેન્ડ કરીને રાજ્યસભાની ચૂંટણીમાં મતદાનથી વંચિત રાખી ભાજપ વધુ એક બેઠક જીતવાની વેતરણમાં હતો. જોકે, આવું ના બન્યું એ સારું થયું.

વિધાનસભાની ડિસેમ્બર ૨૦૧૭ની ચૂંટણી અગાઉ ઓગસ્ટ ૨૦૧૭માં રાજ્યસભાની ચૂંટણીમાં ત્રણ બેઠકોમાંથી બે બેઠકો ભાજપને અને એક બેઠક કૉંગ્રેસને ફાળે જાય એવું હતું. છતાં કૉંગ્રેસના ૧૪ ધારાસભ્યોને ભાજપમાં જોડવા